# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## આણંદમાં મિલિન્દ બાપના અને નડિયાદમાં મિરાંત પરીખ મ્યુનિસિપલ કમિશનર નિમાયાં

# ચરોતરને બે મહાનગરપાલિકા મળી

**આણંદ મહાનગરપાલિકા :** આણંદ, વિદ્યાનગર, કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડિયા, ગામડી અને લાંભવેલ ગામનો સમાવેશ કરાયો

**નડિયાદ મહાનગરપાલિકા :** નડિયાદ પાલિકા તથા યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, માંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગામનો સમાવેશ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ નગરપાલિકાને વર્ષ 2025ના પ્રથમ દિવસે જ મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં ચોતરફ આનંદની લાગણી વ્યાપી હતી. આણંદને મહાનગરપાલિકા બનાવવા માટે છેલ્લા 15 વરસથી સતત રજુઆત કરવામાં આવતી હતી. આ ગાળામાં ગાંધીનગર મહાનગરપાલિકા બનતાં માગણી બળવત્તર બની હતી. આખરે રાજ્ય સરકારે 9 મહાનગરપાલિકામાં આણંદનો પણ સમાવેશ કરતાં આનંદની લાગણી વ્યાપી છે.

આણંદને જિલ્લા કક્ષાનો દરજ્જો 1998માં મળ્યો હતો. બાદમાં સતત વિકાસ સાથે 2007માં આણંદ પાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની માગણી ઉઠી હતી. જોકે, જે તે સમયે જ વિદ્યાનગર અને કરમસદ પાલિકાના સત્તાધિશોએ તેનો વિરોધ કર્યો હતો. જેના કારણે મામલો ઠેલાતો હતો. આખરે આ મુદ્દે વર્ષ 2024ના ફેબ્રુઆરી માસમાં વિધાનસભામાં જાહેરાત કરવામાં આવી હતી. જેમાં આણંદને મહાનગરપાલિકા બનાવવાની સૈધ્ધાંતિક જાહેરાત કરવામાં આવી હતી. આ મંજુરી બાદ વર્ષ 2025ના પ્રથમ દિવસે એટલે કે 1લી જાન્યુઆરી, 2025ના રોજ આણંદને મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજુરી આપી દેવામાં આવી છે.

આ મંજુરીમાં આણંદ, વિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### અવકૂડાના માળખામાં પણ ફેરફારની શક્યતા

આણંદ મહાનગરપાલિકા બનતાં અવકૂડાના માળખામાં ફેરફાર થવાની શક્યતા જોવા મળી રહી છે. હાલ અવકૂડામાં આણંદ, વિદ્યાનગર અને કરમસદ નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આણંદ મહાનગરપાલિકા બનતા વિદ્યાનગર અને કરમસદને પણ ભેળવી દેવામાં આવ્યાં છે. આથી, અવકૂડોને નવી ભૂમિકા માટે તૈયાર રહેવું પડશે.

### મધ્ય ગુજરાત માટે માઇલસ્ટોન બનશે



'આણંદ મહાનગરપાલિકા બનતાં ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ બનશે. રોડ - રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્ય લક્ષી સેવા, શિક્ષણ, સ્ટ્રીટ લાઇટ, બાગ - બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે પાયાની સુવિધાઓ સુનિયોજીત રીતે મળતી થશે. રાજ્ય સરકારે 14 વર્ષ બાદ મહાનગરપાલિકાની જાહેરાત કરી છે. જે ઐતિહાસિક નિર્ણય છે. મહાનગરપાલિકાને આઇએએસ કક્ષાના અધિકારી મળશે. જેથી વિકાસના નિર્ણયો ઝડપી લઇ શકાશે.' **- મિતેશભાઈ પટેલ, સાંસદ, આણંદ.**

### કયા કયા ગામોને સમાવાશે

આણંદ શહેર સાથે સૂચિત વિદ્યાનગર, મોગરી, જીટોડિયા, નાવલી, લાંભવેલ, મોગર સહિત ગામોના કેટલાંક રેવન્યુ વિસ્તાર આવરી લઇને અંદાજે 70 ચોરસ કિ.મી વિસ્તાર અને 3.50 લાખથી વધુ વસ્તીની મહાનગરપાલિકા બનશે. મહાનગર પાલિકા અમલમાં આવ્યે બે ઝોન પણ બનશે. આ સાથે હાલના વોર્ડ વિસ્તારની સીમાઓ વધીને નવેસરથી વોર્ડ સીમાંકન, વોર્ડ રચના આકાર પામશે.

### 3 શહેર અને 5 ગામ મળી 70 ચોરસ કિ.મી.નો વિસ્તારનો સમાવેશ થશે

આણંદ, કરમસદ વિદ્યાનગર નગરપાલિકા સહિત 7 ગામ મળીને અંદાજે 70 ચોરસ કિમીનો વિસ્તાર મહાનગરપાલિકામા આવરી લેવાશે. જેમાં આણંદના શહેર સહિત વિદ્યાનગર, કરમસદ, સહિત નેશનલ હાઇવે નજીકનો 7 કિ.મી સુધીના વિસ્તારને મહાનગરપાલિકામાં આવરી લેવાશે. ત્યારે હાલ આણંદ શહેરની અંદાજે 2.10 લાખની વસ્તી છે, જે સૂચિત વિદ્યાનગર અને કરમસદની મળી 80 હજારની વસ્તી અને આસપાસના પાંચ ગામોની વસ્તી મળીને અંદાજે 3.50 લાખની વસ્તી ને આવરી લેવામાં આવશે. મહાનગરપાલિકાનુ નોટિફીકેશન સાથે અમલીકરણ આવી જશે. બાદમાં સાત આઠ મહિના દરમ્યાન વોર્ડ સિમાંકન અને વોર્ડ રચનાની કવાયત પછી મહાનગરપાલિકાની ચૂંટણી સાથે ચૂંટાયેલ પાંખ કોર્પોરેશનનુ સૂકાન સંભાળશે.

### મહાનગરપાલિકા બન્યા બાદ 6 થી 8 માસમાં ચૂંટણી થઇ શકે

આણંદ નગરપાલિકાને મહાનગર પાલિકામાં તબદીલ થતાં જ મ્યુનિ. કોર્પોરેશન એક્ટની અમલવારી થશે. જેમાં કોર્પોરેશન આસપાસના ગામ, આઉટગ્રોથ વિસ્તારના ઉમેરણ સાથે સીમાંકન નક્કી કરાયા બાદ વોર્ડ રચનાથી લઇને બેઠકોની ફાળવણીનો આલેખ તૈયાર કરાશે. જેને રાજય સરકાર તરફથી મંજૂરી મળ્યા બાદ શહેરી સુવિધાઓમાં વધારો થશે. હાલ મહાનગરપાલિકાના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર તરીકે મિલિન્દ બાપનાની નિમણૂંક કરવામાં આવી છે. તેમના અધ્યક્ષતામાં સિમાંકન નક્કી થશે.

### અનેકવાર વિરોધ છતાં પણ કરમસદનો આણંદ મનપામાં સમાવેશ કરાયો

આણંદ મહાનગરપાલિકા જાહેરાત થયાના અગાઉના સમયથી સૌ કોઇને કરમસદનો સમાવેશ થશે કે નહીં તેની પર ચર્ચાઓ થતી રહી હતી. ત્યારે સરકારે કરમસદનો મનપા સમાવેશ કરવાનો નિર્ણય લઇ લીધો હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી માહીતી મળી છે. કરમસદ વાસીઓ સરદારની કર્મ ભૂમિની ઓળખ જળવાઇ રહે તે માટે મનપામાં જોડવા સામે ઘણી બધી વખત વિરોધ કરી ચૂક્યા છે. જો કે ભૌગોલિક દ્રષ્ટિએ આણંદ ,વિદ્યાનગર અને કરમસદ એક સાથે જોડાયેલા છે તેને છુટા પાડી શકાય તેમ ન હોવાથી આખરે મનપામાં સમાવવાનુ નિશ્ચિત થયું છે. સરદાર સન્માન સંકલ્પ ગુજરાત સમિતિના નેજા હેઠળ કરમસદ વાસીઓ સરદાર પટેલની કર્મભૂમિને કરમસદને મનપા નહીં સમાવવા માટે લડત ચલાવી રહ્યાં હતા. આ માટે ઉપવાસ આંદોલન સહિત આવેદપત્રો આપીને સરકારને રજૂઆત કરી હતી. પરંતુ તેમની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આણંદને મનપા બનાવવાની સરકારે કવાયત હાથ ધરી હતી. ત્યારથી કરમસદને મનપા નહીં સમાવવા માટે વિરોધ કરી રહ્યાં હતા. જે તે વખતે પ્રદેશ ભાજપ નેતાઓએ કરમસદને મનપા નહીં સમાવવાની ખાત્રી આપી હતી. તેમજ ત્યારબાદ સરકારે દ્વારા કરમસદને વિશેષ દરજ્જો આપવાની વાત કરી હતી . પરંતુ આવી તમામ બાબતો લોલી પોપ સમાન બની ગઇ છે.

# સવા વર્ષ વહેલા પ્રમુખના કાર્યકાળનો અંત , હવે નડિયાદને નવા મેયર મળશે

**અંતે સ્વપ્ન સાકાર:** નગરપાલિકાની હદને અડતા 10 ગામોનો સમાવેશ કરી મહાનગરપાલિકા જાહેર કરાઈ,

(પ્રતિનિધિ)નડિયાદ, તા.1

નડિયાદ નગરપાલિકાને આજે સત્તાવાર રીતે મહાનગરપાલિકાનો દરજ્જો મળી ગયો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી દ્વારા કરાયેલી જાહેરાતમાં નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકામાં તબદીલ કરાઈ છે. આ સાથે જ મહાનગરપાલિકામાં નડિયાદની હદને અડીને આવેલા 10 ગામોનો સમાવેશ કરી લેવાયો છે. તો સાથે જ હવે દેવામાં ગરકાવ થયેલી નડિયાદ નગરપાલિકા હવે મહાનગરપાલિકા તરીકે નવી પુરાંત જણશે. આ સાથે જ રાજ્ય સરકારે મોડી સાંજે મિરાંત જતીન પરીખની નડિયાદ કમિશ્નર તરીકે નિયુક્તી કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નડિયાદ નગરપાલિકાની ચાલુ વર્ષે મહાનગરપાલિકામાં પરીવર્તીત કરવા માટે રાજ્ય સરકારે મંજૂરી આપી હતી. તે બાદ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતા આજે રાજ્ય સરકારે નડિયાદ સહિત 9 નગરપાલિકાને સત્તાવાર રીતે મહાનગરપાલિકાનો દરજ્જો આપ્યો છે. તેમજ નડિયાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર તરીકે મોડી સાંજે રાજ્ય સરકારે મિરાંત જતીન પરીખ (IAS)ની નિમણૂક કરી છે. તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસપલ કમિશઅનર હતા અને તેમની બદલી નડિયાદ મનપાના કમિશ્નર તરીકે કરાઈ છે.

તો હવે નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવા માટે 10 ગામોનો સમાવેશ કર્યો છે. જેમાં નડિયાદ નગરપાલિકાની સાથે યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમળા, મંજીપુરા, ડભાણ, બિલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતોને મહાનગરપાલિકામાં સમાવી લીધી છે. જેછી હવે આ તમામ પંચાયતોમાં સરપંચ સહિતની બોડી અને નડિયાગ નગરપાલિકામાં પ્રમુખ સહિતની બોડીનું વિસર્જન થઈ ગયુ છે. હવે સરકાર નોટીફીકેશન જાહેર કરવાની સાથે નડિયાદ મહાનગરપાલિકામાં કમિશ્નરની નિમણૂક કરશે અને તેમને જ હાલ વહીવટદાર તરીકે નિમવામાં આવે તેવી શક્યતાઓ છે. જેથી વહીવટદારનું શાસન અસ્તિત્વમાં આવતાની સાથે જ બોડીનું વિસર્જન થતા, 1 વર્ષ અને 3 મહિના વહેલા પ્રમુખે સત્તા ગુમાવવાનો વખત આવશે. તો આ સાથે જ નડિયાદ નગરપાલિકાના હાલના ચીફ ઓફીસરને રૂદ્રેશ હુદળને નડિયાદ મહાનગરપાલિકામાં મહત્વના સ્થાને મુકાય તેવી પણ શક્યતાઓ છે. તો સીધી નિમણૂક પામેલા મ્યુનિસિપલ એન્જીનિયર ચિરંજન પટેલને પણ મહાનગરપાલિકામાં અધિકારી પાંખમાં મહત્વના પદ પર મુકાશે, તેવી શક્યતાઓ છે.

### ગામો અને વસ્તી

| ગામ | વસ્તી |
| --- | --- |
| યોગીનગર | 3748 |
| પીપલગ | 6042 |
| ડુમરાલ | 4614 |
| ફતેપુરા | 3217 |
| કમળા | 5161 |
| મંજીપુરા | 12632 |
| ડભાણ | 7558 |
| બિલોદરા | 9303 |
| ઉત્તરસંડા | 11862 |
| ટુંડેલ | 5842 |

### મહેકમનું નવુ માળખુ બનશે

નડિયાદ મહાનગરપાલિકાને નવા કમિશ્નર મળ્યા બાદ સર્વ પ્રથમ વિસ્તાર આધારીત અને મનપામાં સમાવિષ્ટ જનસંખ્યાના આધાર મુજબ મહેકમનું નવુ માળખુ બનાવવામાં આવશે. ખાસ તો ડે. કમિશ્નરોની નિમણૂકો થશે અને ઉચ્ચ અધિકારીઓ પણ મૂકાશે. આ સિવાય હાલ નગરપાલિકાના ખાતાકીય વડાઓને મહાનગરપાલિકામાં ચાર્જ અપાશે. વર્ષો જૂના ફિક્સ પગાર અને રહેમરાહવાળા કેટલાક કર્મીઓને કાયમી કરવાનો નિર્ણય પણ લેવાય, તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત કાયમી કર્મચારીઓની ભરતી કરાશે અને કર્મચારીઓની સંખ્યામાં વધારો કરાશે. આ સિવાય આઉટસોર્સ-કોન્ટ્રાક્ટ અને કરાર આધારીત કર્મચારીઓને યથાવત રખાશે અને આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટમાં નવી ભરતી કરવામાં આવશે.

### ધારાસભ્યની મહેનત રંગ લાવી

રાજ્ય સરકાર દ્વારા સાત નગરપાલિકાઓને મહાનગરપાલિકાના દરજ્જો આપ્યો હતો. તે વખતે નડિયાદ નો સમાવેશ કરાયો ન હતો. જેથી નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ નડિયાદને મહાનગરપાલિકાનો દરરોજ આપવા માટે માંગણી કરી હતી. તેને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા બાદમાં વધુ બે મહાનગરપાલિકાની જાહેરાતમાં નડિયાદનો સમાવેશ કર્યો હતો અને તેના પગલે શહેરીજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

### કોન્ટ્રાક્ટરો બિલો લેવા દોડ્યા

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનવાની ચર્ચાઓ વચ્ચે છેલ્લા સપ્તાહભરથી સત્તાધીશો અને વહીવટી પાંખ સહિત કોન્ટ્રાક્ટરો અંતિમ ઘડીના કામો અને લાભો લેવામાં વ્યસ્ત બન્યા હતા. કોન્ટ્રાક્ટરો તો રીતસર બિલો લેવા માટે દોડધામ કરી રહ્યા હોવાના દ્રશ્યો પાલિકામાં જોવા મળ્યા હતા. નડિયાદ મહાનગરપાલિકાની સત્તાવાર જાહેરાત બાદ રાજ્યના મુખ્યમંત્રી અને સચિવો દ્વારા ઓનલાઈન મીટીંગ ગોઠવવામાં આવી હતી. જેમાં નગરપાલિકાના ચીફ ઓફીસર રૂદ્રેશ હુદળ, એકાઉન્ટન્ટ અને ઈન્ચાર્જ ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ મુકેશ પટણી સહિત જવાબદારો મીટીંગમાં જોડાયા હતા. તો બીજીતરફ નગરપાલિકાના તમામ કર્મચારીઓને સાંજે મોડા સુધી રોકવવા માટે પણ જણાવી દેવાયુ હતુ.

### પ્રથમ ગાસે મક્ષિકા: મહાનગરપાલિકા જાહેર થઈ અને પાણીની ટાંકીનો સ્લેબ તૂટી પડ્યો



રાજ્ય સરકારે સત્તાવાર રીતે નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો આપ્યો છે. એકતરફ નડિયાદમાં આ બાબતની ખુશીની લાગણી લોકોમાં હતી, ત્યાં બીજીતરફ આવનારા પડકારોના ભણકારા હોય તેમ પ્રથમ ગાસે મક્ષિકા એટલે કે, મહાનગરપાલિકા જાહેર થયાને તુરંત પહેલા એક વિઘ્ન આવ્યુ હોય તે મુજબ શહેરના પશ્ચિમ વિસ્તારમાં વૈશાલી સિનેમાની પાછળ નગરપાલિકાની પાણીની ટાંકીનો સ્લેબ તૂટી પડ્યો હતો. જેથી રહીશોમાં દોડધામ મચી હતી. તો સાથે જ અહીયાં બાજુમાં કામ કરતા શ્રમજીવી પરીવારનો સદનસીબે જીવ બચી ગયો હોવાની વિગતો મળી છે. આ મામલે રહીશો દ્વારા આ પ્રકારની ઘટના વારંવાર બનતી હોય, તે માટે પ્રશાસન દ્વારા યોગ્ય પગલાં લેવા તેવી માંગણી કરી છે.

### હિન્દુ સંગઠનો દ્વારા 15 દિવસ અગાઉ રેલી કાઢીને અશાંત ધારો પુન:લાગુ કરવાની માગ કરી હતી

# આણંદમાં અશાંત ધારાની મુદત વધુ પાંચ વર્ષની વધારવામાં આવી

**સલાટીયા સહિતના** મોટી ખોડિયાર સહિતના 40થી વધુ વિસ્તારો સમાવેશ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા 1

આણંદ શહેરમાં ગત 1 જાન્યુ .2020માં અશાંત ધારો લાગુ કરાયો હતો. જેની મુદત 31મી ડિસેમ્બર 2024ના રોજ પૂર્ણ થતી હતી. જે અંગે આણંદ ના ધારાસભ્ય યોગેશભાઈ પટેલ (બાપજી) અને વિવિધ હિન્દુ સંગઠનોએ કરેલ રજૂઆત ના પગલે પાંચ વર્ષ ની મુદત માટે અશાંત ધારા ને લંબાવવા માં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ આણંદના ધારાસભ્ય યોગેશભાઈ પટેલે અને વિવિધ હિન્દુ સંગઠનોએ આણંદ શહેરને અશાંત ધારો 1991 લાગુ કરવા માંગ કરી હતી. જેમાં 10 વર્ષ ની સમય મર્યાદા તેમજ આણંદ શહેર માંથી પસાર થતી અમદાવાદ મુંબઈ રેલ્વે લાઈન અને એન એચ 48 ની વચ્ચે રહી ગયેલા આણંદ શહેર ના સર્વે નંબરો નો સમાવેશ કરવા મુખ્ય મંત્રી ને રજૂઆત કરી હતી

જેમાં સરકારે અશાંત ધારાની મુદત આગામી પાંચ વર્ષમાં માટે લંબાવવામાં આવેલ છે. સાથે સાથે સલાટીયા સહિતના મોટી ખોડિયાર સહિતના 40થી વધુ વિસ્તારો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આણંદ શહેર હિન્દુ સંગઠનો દ્વારા 15 દિવસ અગાઉ રેલી કાઢીને અશાંત ધારો પુનઃલાગુ કરવાની માગ કરી હતી. આ અશાંતધારાની અમલવારીના પગલે જે તે વિસ્તારના રહિશોએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

### અશાંત ધારા હેઠળ સમાવેશ કરાયેલા વિસ્તાર

સલાટીયા સહિત નાની ખોડિયાર, ગંગદેવનગર,મોટી ખોડિયાર, પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ, રાધાસ્વામી સ્તસંગ ,આઇરીસ હોસ્પિટલ, લાંભવેલ રોડ,રેલવે સ્ટેશનની સામેનો વિસ્તાર, ગુજરાતી ચોક પોસ્ટ ઓફિસ , આણંદ નગરપાલિકા ગામડીવડ કિશોર પ્લાઝા, અમૂલ ડેરી રોડ , ચરોતર બેન્ક, લક્ષ્મી સિનેમા મેફેર રોડ, જૂના રસ્તા પાસે નરીમાન કોમ્પલેક્સ તથા જૈન ઉપાશ્રય નજીકના વિસ્તાર, નવા બસ સ્ટેન્ડ, સી.પી. કોલેજ, 100 ફૂટના રોડ રોયલ પ્લાઝા, ઇન્દિરા સ્ટેચ્યૂ ગ્રિડ, પિપલ મેડિકેર સોસાયટી, બેઠક મંદિર જૈન સોસાયટી, મહાવીરપાર્ક, મહાવીર સોસાયટી સામેના વિસ્તાર, આણંદ વિદ્યાનગર રોડ, ટાઉન હોલ પંચાલ હોલ, ગોપી સિનેમા વિસ્તાર, અવકુડા રોડ, બિગ બઝાર , 80 ફૂટના રોડ ડી. ઝેડ. હાઇસ્કૂલ, ઋતુ આઇસક્રીમ, એચ.એમ. પટેલ સ્ટેચ્યૂ મોતીકાકા ચાલી પાસેનો વિસ્તાર અને ઝાયડસ હોસ્પિટલ, નિશાંત આઇ હોસ્પિટલ, હિમાલયા હોસ્પિટલ, હિમાલયા ટાઉનશિપ

### આણંદ , ખેડા અને મહીસાગર જિલ્લામાં નવા વર્ષની ઉત્સાહપૂર્વક ભવ્ય ઉજવણી કરાઇ





આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં વિશ્વભરની સાથે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. નડિયાદમાં પણ ક્રિશ્ચિયન પરિવારો દ્વારા ઉત્સાહપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નવ વર્ષને વધાવવા ઠેર ઠેર ચર્ચમાં ખ્રિસ્તયજ્ઞ અને પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. રાત્રે 12 વાગે દારૂખાના અને રંગબેરંગી ફુલઝડીઓથી મિશન રોડ ખાતે નવ વર્ષનું સ્વાગત કરાયું હતું. મિશન રોડ વિસ્તારમાં ક્રાઇસ્ટ ધ કિંગ ચર્ચ, એલિમ ચર્ચ, મેથોડિસ્ટ ચર્ચ સહિતના ચર્ચમાં ભવ્ય ખ્રિસ્તયજ્ઞ સાથે 2024ને વિદાઈ અને 2025ને આવકારી આભાર માનવામાં આવ્યો હતો. આ નવા વર્ષે પ્રાર્થના, સાંસ્કૃતિક કાર્યક્રમો, જરૂરિયાતમંદ લોકોને દાન, ગરબા, વડીલ દિન, યુવા દિન, મહિલા દિન સાહિતની ઉજવણીઓ કરવામાં આવી હતી.

# ઉમરેઠ પાલિકાએ 'નલ સે જલ'ના નામે રસ્તાઓનો ખો કાઢી નાંખ્યો

**નવા જ બનેલા રોડ** તોડાતા પાણીની અને ગટરની પાઇપોને પણ વ્યાપક નુકશાન થયું

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.1

ઉમરેઠ નગરપાલિકા દ્વારા 'નલ સે જલ યોજના'ની આડમાં આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે હાલમાં જ થોડા સમય પહેલા જ બનેલા આરસીસી રોડ તોડવામાં આવી રહ્યાં છે. આ સ્થિતિમાં પાણીની અને ગટરની લાઈનને પણ નુકશાન થઈ રહ્યું છે. પાલિકાના આ નઘરોળ વહીવટ સામે ભારે રોષની લાગણી જન્મી છે.

ઉમરેઠ ગામમાં અર્બન હેલ્થ ડેવલપમેન્ટ દ્વારા મહીસાગરનું પાણી ઘરે ઘરે પહોચાડવા નલ સે જલ યોજના અમલમાં મુકાઈ છે. પરંતુ આશ્ચર્ય અને વિચારમાં મૂકી દે તેવી વાત એ છે કે ઉમરેઠમાં નવા જ બનાવેલા આરસીસી અને ડામર રોડ યોજનાની આડમાં પાઈપલાઈન નાખવા તોડાઈ રહ્યા છે. આ ઉપરાંત ઘણા બધા પરિવારના પાણીના કનેક્શન અને ગટરના કનેકશનો મોટા પ્રમાણમાં તૂટી રહ્યા છે. જેથી પ્રજાજનો પાણી અને ગટર જેવી પાયાની સગવડ વગર હેરાન થઈ રહ્યાં છે.

આ અંગે નગરજનોના જણાવ્યાનુસાર, ઉમરેઠ પાલિકામાં ઉપરા છાપરી લોકોની ફરિયાદ આવતાં નગરાલિકાઓ સત્તાધીશો વચ્ચેનું વાતાવરણ પણ ગરમાયું છે. આ ઉપરાંત જ્યા પાણીની પાઈપલાઈન નાખવાની બાકી છે ત્યાં નવા રોડ છેલ્લા અઠવાડિયામાં બની ગયા છે, તો શું હવે તે રોડ પણ તોડશે ? નલ સે જલ યોજના હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કરીને બનાવેલા આખા ગામના રોડ તોડ્યા બાદ ફરી રિપેર થશે તો તેની મજબૂતાઈની શું ગેરંટી ? તેવા ગંભીર પ્રશ્નો પાલિકાના પ્રશાસન સામે ખડા થયાં છે.



તસવીર: ધનંજય શુકલ


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225